રાગ અને દ્વેષ જ્ઞાનને અવરોધક છે
- કબીર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૫૨ | ૩ મે, ૨૦૧૩, શુક્રવાર; ચૈત્ર વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મનપા મિલ્કતવેરાની વસુલી માટે આક્રમક

## ૩ હજારથી પણ વધુ બાકીદારોને નોટીસ આપી ૧૮ ટકા વ્યાજ વસુલ કરાશે અને નહિ ભરે તો મિલ્કતો સીલ કરાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા લાદવામાં આવેલા મિલ્કતવેરા અને સફાઈચાર્જની વસુલી માટે આગામી સપ્તાહથી આકરા પગલાં ભરવા અંગેની ગંભીર વિચારણા શરુ કરાઈ છે. આ માટેની આખરી મંજૂરી માટે તંત્ર દ્વારા એક વિધિવત દરખાસ્ત પણ તૈયાર કરી મ્યુનિ. કમિશનરશ્રીની મંજુરી માટે રજુ કરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ૩ હજારથી પણ વધુ મિલ્કતધારકો દ્વારા મિલકત વેરો ભરવામાં આવ્યો નથી. આ બધાની અલગથી યાદી તૈયાર કરી દેવામાં આવી છે. આ બાકી મિલકતધારકોને નોટીસ આપી વેરાની રકમ પર ૧૮ ટકા દંડનીય વ્યાજ વસુલ કરવા ઉપરાંત નોટીસનો ખર્ચ પણ વસુલ કરાશે. આ નોટીસમાં અપાયેલી મુદત દરમિયાન પણ જો વેરો ન ભરે તો તેમની સામે મિલ્કતના સિલીંગ સહિતના આકરા પગલાં

● અનુસંધાન પાન-૭ પર

# કાળઝાળ ગરમી યથાવત

## ગાંધીનગરમાં ૪૨ ડિગ્રી, વડોદરા ૪૨.૮ ડિગ્રી : ૧૪ શહેરમાં તાપમાન ૪૦ ડિગ્રીથી વધારે નોંધાયું : તીવ્ર ગરમીના લીધે જનજીવનને અસર : બપોરે રસ્તા સૂમસામ : હીટવેવ હજુય યથાવત રહેવાની ચેતવણી

અમદાવાદ, તા. ૨

અમદાવાદ સહિત રાજ્યમાં આજે કાળઝાળ ગરમીનું મોજું યથાવત રહ્યુ હતું.બપોરના ગાળામાં તીવ્ર ગરમી વચ્ચે ગરમ લૂ ફૂંકાઈ હતી અને રસ્તા સુમસામ થઈ ગયા હતા. લોકોને ગરમીથી કોઈ રાહત મળશે નહીં. આગામી ૩૬ કલાકમાં હીટવેવ જારી રહેવાની ચેતવણી હવામાન વિભાગ દ્વારા ગઈકાલે જ જારી કરવામાં આવી હતી. ગરમીથી બચવા માટે લોકોએ ઠંડી ચીજવસ્તુઓનો ભરપુર ઉપયોગ શરૂ કર્યો છે. ગરમીથી બચવા માટે લોકો દ્વારા તમામ પ્રકારના પગલા લેવામાં આવી રહ્યા છે સાથે સાથે બપોરના ગાળામાં રસ્તાઓ પર પણ ઓછી ભીડ જોવા મળી રહી છે. ગરમીથી બચવા લોકો બપોરમાં નીકળવાનું ટાળી રહ્યા છે. રાજ્યના ૧૪ શહેરોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. રાજ્યમાં આજે સૌથી વધુ ગરમી વડોદરામાં ૪૨.૮ ડિગ્રી નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા દિવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કાળઝાળ ગરમીનું પ્રમાણ ચાલુ રહેશે. અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧.૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડિગ્રી નોંધાયુ હતુ. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૩૯ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૧૧ ટકા નોધાયુ હતુ. ગરમીનું પ્રમાણ વધતા પંખા, એસીનો ઉપયોગ સતત વધી રહ્યો છે. ઉપરાંત ઠંડાપીણાના ઉપયોગમાં વધારો થઈ રહ્યો છે. તડબુચ કેરીઓની બોલબાલ વધી રહી છે. જુદા જુદા તરીકાઓ લોકો ગરમીથી બચવા માટે અજમાવી રહ્યા છે. રાજ્યમાં મહત્તમ તાપમાન કંડલા એરપોર્ટ ૪૨.૬, ભુજ ૪૧.૨, સુરેન્દ્રનગર ૪૧.૭, રાજકોટ ૪૧.૮, સુરત ૪૦.૧, ગાંધીનગર ૪૨.૦, ડિસા ૪૦.૮, મહુવા ૪૦.૬, વલ્લભ વિદ્યાનગરમાં ૪૨.૪, ઈડર ૪૧.૪, ભાવનગર ૪૧.૬, ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ગરમીને લઈને સામાન્ય લોકો ભારે પરેશાન રહેલા છે.

### ક્યાં કેટલું તાપમાન

| સ્થળ | તાપમાન(ડિગ્રી) |
|---|---|
| અમદાવાદ | ૪૧.૬ |
| ગાંધીનગર | ૪૨.૦ |
| ડિસા | ૪૦.૮ |
| વડોદરા | ૪૨.૮ |
| સૂરત | ૪૦.૧ |
| રાજકોટ | ૪૧.૮ |
| અમરેલી | ૪૨.૪ |
| ભુજ | ૪૧.૨ |
| સુરેન્દ્રનગર | ૪૧.૭ |
| કંડલા એરપોર્ટ | ૪૨.૬ |
| ઈડર | ૪૧.૪ |
| વલ્લભ વિદ્યાનગર | ૪૨.૪ |
| મહુવા | ૪૦.૬ |
| ભાવનગર | ૪૧.૬ |





(તસવીર : દિપક જાની)

હીટ વેવ - છેલ્લા ત્રણ દિવસથી ગાંધીનગર સહિત રાજ્યભરમાં ગરમીનું મોજુ પ્રસર્યું છે... ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને વટાવી ગયો છે.... ચોરે ને ચૌટે ગરમીની જ વાતો થઈ રહી છે... ક્યાં કેટલી ગરમી આજે નોંધાઈ અને હજુ કેટલી પડશે એની આબાદ આગાહીઓ થઈ રહી છે... દ્વીચક્રી વાહન ચાલકોને ગરમીની સીધી અસરમાંથી પસાર થવું પડે છે... ચહેરા ઉપર અને શરીરના રક્ષણ માટે સાવધાનીપૂર્વક વાહન ચાલકો દુપટ્ટાની બુકાની બાંધે છે... ગ્લોબલ વૉર્મિંગના કારણે આ વર્ષે મનભરીને ઠંડી પણ પડી અને હવે ગરમી પણ ૪૫ ડિગ્રી સુધી પહોંચે એવો વર્તારો છે... ગરમીના દિવસોમાં જનજીવન અસરગ્રસ્ત બને છે... બપોરના ૧૨થી ૪ દરમિયાન માર્ગો સુમસામ બને છે અને સામાન્યતઃ સૌ ઘરમાં કે ઓફીસમાં રહેવાનું પસંદ કરે છે.

# નભોઈ પાસે વિસ્ફોટ થતા ખળભળાટ

## નદીના પટ પર મેથી વાવવા ક્યારો બનાવી રહેલા યુવાનને એક પતરાની ડબી મળી... દાગીના હશે તેવું માનીને ડબી ખોલવા પથ્થર માર્યો ને વિસ્ફોટ થયો : યુવાન ઘાયલ : ગાંધીનગર પાસેના નભોઈ-કરાઈ વચ્ચે નદી કાંઠે બનેલી ઘટના : પોલીસ સહિત એફએસએલ દોડતી થઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક આવેલા નભોઈથી કરાઈ તરફ જતી નદીના પટ પર આજે એક યુવાનને વિસ્ફોટક પદાર્થની ડબી મળી હતી. આ ડબી ક્યારો બનાવતી વખતે જમીનમાંથી મળતા દાગીના હોવાનો અંદાજ લગાવીને યુવાને ડબી ખોલવા પથ્થર માર્યો હતો. પથ્થર મારતાની સાથે જ તે નાનકડી ડબીમાંથી વિસ્ફોટ થતા યુવાન ઘવાયો હતો. તેને તાત્કાલિક સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. ગાંધીનગર નજીકના ગામમાં વિસ્ફોટ થયાની જાણ થતા જ જિલ્લા પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. એફએસએલની મદદથી આ વિસ્ફોટક શું હતો તે સહિત કોના દ્વારા આ બનાવવામાં આવ્યો હતો અને ઈરાદો શું હતો ? તે સહિતની વિગતો બહાર આવવા પોલીસે દોડધામ શરૂ કરી છે. જો કે આ એક સામાન્ય વિસ્ફોટ હોવાથી કોઈ જ જાનહાની કે મોટુ નુકશાન થયું નથી.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા નભોઈ ગામ પાસેથી પસાર થતી નદીના કાંઠે રહેતો ૨૦ વર્ષિય યુવાન મુકેશ રમણભાઈ દંતાણી આજે નદી કાંઠે મેથી વાવવા માટે ક્યારો બનાવી રહ્યો હતો. તે દરમ્યાન જમીનમાંથી એક પતરાની નાની ડબી તેને મળી આવી હતી. જમીનમાંથી ડબી નીકળી હોવાથી દાગીના હશે તેવું માની લઈને તે યુવાને ડબી એક પથ્થર પર મુકીને બીજા પથ્થર વડે તેને તોડવાનો પ્રયત્ન કર્યો...! પથ્થર ફેંક્યો તેવો જ તેમાંથી વિસ્ફોટ થતા ખળભળાટ મચી ગયો હતો. યુવાનને હાથે ગંભીર ઈજાઓ થતા તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો છે. આ સામાન્ય વિસ્ફોટ હતો જે કોઈ બોમ્બ કે અન્ય આતંકી પ્રવૃત્તિ માટે ન હોવાનું બહાર આવ્યું છે. તેમ છતાં આ બાબતને ગંભીરતાથી લઈને પોલીસ અધિક્ષક શરદ સિંઘલ સહિત ટીમ સ્થળ પર પહોંચી ગયા હતા. એફએસએલને બોલાવવામાં આવતા એફએસએલ અધિકારીએ વિસ્ફોટ બાદ પડેલા પતરાના ટુકડા, ડબીનું પતરૂ, ગાયલ યુવાનના લોહીના ડાઘ, લોહીવાળી માટી અને લોહીવાળી દિવાસળી મળી આવેલી એક માચીસ બોક્ષના સેમ્પલ લઈને વૈજ્ઞાનિક ઢબે તપાસ શરૂ કરી છે. જિલ્લા પોલીસ અધિક્ષક શરદસિંઘલના જણાવ્યાનુસાર નદીમાંથી માછલી પકડવા તથા તેને મારવા માટે ક્યારેક આવા નાના સ્ફોટક ડબા બનાવી તેનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. આ પણ તેવા પ્રકારનો એક સામાન્ય ડબો હતો અને વિસ્ફોટ પણ સામાન્ય હતો. તેમ છતાં ડભોડા પોલીસે અને એસઓજીએ આ વિસ્ફોટની ઉંડી તપાસ શરૂ કરી છે.




## બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી **ફકીરભાઈ આર. વાઘેલા** (પૂર્વ કેબિનેટ મંત્રી)નું દુઃખદ અવસાન તા. ૩૦-૪-૨૦૧૩ને મંગળવારના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૩-૫-૨૦૧૩ને શુક્રવારના રોજ સાંજે ૫-૦૦ થી ૭-૦૦** દરમિયાન રાખેલ છે.

સ્થળ : બી-૧૬૬, શાસ્ત્રી ચોક, બી-વૉર્ડ, કુબેરનગર, અમદાવાદ

લિ.

**ગં.સ્વ. કુંવરબેન ફકીરભાઈ વાઘેલા** (પત્ની)

**બચુભાઈ આર. વાઘેલા** (મોટાભાઈ)
**જીતેશ ફકીરભાઈ વાઘેલા** (પુત્ર)
**પરસોત્તમભાઈ આર. વાઘેલા** (નાનાભાઈ)
**અલ્પેશ ફકીરભાઈ વાઘેલા** (પુત્ર)

Pandit Deendayal Petroleum University
Centre of Continuing Education:
Raisan, Gandhinagar-382007,
Ph: +91-79-23275060, Fax: +91-79-23275030

LEARN SPANISH FRENCH
(Basic Level)

"Open doors to numerous careers in IT/BPO industries, call centers, consulates, tourism, mass communication, foreign trade, medical tourism & transcription services..."

Batch starting from: 7th May 2013.

Duration : 2 Months (Two days a week - Tuesday & Thursday)
Class Timings : 5.00 pm to 7.00 pm
Course Fees : Concessional fees of Rs. 3500/-



For details contact between 11 to 05 at
Centre for Continuing Education
Second Floor, SPT - II Building
Tel.: 079-23275277 Mobile : 9825351700, 9427613813
E-mail: cce@pdpu.ac.in Website: www.pdpu.ac.in

MOUNT CARMEL
INTEGRATED SCHOOL OF SCIENCE
Sector - 21, Gandhinagar

To meet the demands of present times an Integrated School of Science is being launched by Mount Carmel Association from June, 2013

A school of Science that will have...

- Combination of Traditional Regular School and a Day School.
- Optimum use of time from 8:00 a.m. to 1:30 p.m., giving ample time for personal studies and assimilation.
- Collaborative JEE/NEET classes in the same campus by reliable and consistent faculties.

(Sarva Vidyalaya Kelavani Mandal Managed)
Uma Arts & Nathiba Commerce Mahila College
Kadi Sarva Vidyalaya Campus, Sector - 23, Gandhinagar: 382023.

Wanted
Project Fellow

To assist Principal Investigator in UGC sponsored Major Research Project in English Literature as per UGC terms and conditions.

The Project Fellow must have:

* 2nd class master degree in English literature with minimum of 55% marks;
OR
* M. Phil. in subject concerned;
* Below the age of 40 years.

This is a full-time appointment for 2 years. The Project Fellow will be paid Rs. 14000/- fix and will be required to assist the PI in the Research Project.

Interested candidates should appear for personal interview on their own expense with detailed bio-data, recent passport size photograph and certificates (with attested photostat) on 09/05/2013 at 9.00 am at the above-given address:

Shri Vallabhbhai M. Patel
The Chairman

Dr. Amrita Patel
The Principal